# જૈન સાહિત્ય અકાદમી ટ્રસ્ટ ,મુંબઈ

## જૈન તીર્થોની ભવ્ય ગાથા- વ્યાખ્યાન માળા

### વ્યાખ્યાન – ૨ મથુરાનો કંકાલીટીલા સ્તૂપ

**વ્યાખ્યાતા- શ્રી અર્પિતભાઈ શાહ**
**તારીખ – ૧૭/૧૨/૨૦૨૨**

મથુરાના દેવ નિર્મિત સ્તૂપ એના વિશે વાત કરતા પહેલા આપણે મથુરા ભૂમિ શું છે એની વિશેષતા શું છે એનો પ્રારંભ કરીએ છીએ. આ ખૂબ જ મહત્વપૂર્ણ ઇતિહાસ માટે  અને જૈન ધર્મના ઇતિહાસ માટે આ ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિ રહી છે અને તેના સંશોધનો શું માન્ય રાખે છે અને એનાથી આપણે કઈ રીતે બધું સમજી શકે છે તેની માટે આપણે આ એક નાનકડો પ્રયાસ કર્યો છે કે જેના દ્વારા જેટલું સિમ્પલી આપણે આ ભૂમિનો ઈતિહાસ જે કદાચ આજના સમયમાં એની ગરિમા આપણે સાચવી નથી શક્યા ભૂમિની પણ જાગૃતિ દ્વારા આપણે આ ભૂમિની મહત્તા કેવી રીતે વધારી શકીએ એના માટેનું આ એક નાનકડો પ્રયાસ છે.

મથુરા 25 આર્ય દેશોમાંથી આને એક ગણવામાં આવતી હતી. શુરસેન જેની આ રાજધાની હતી મથુરા ૧૫ મહાજન પદ માની એક હતી. યમુના નદીના વેસ્ટન બેંક ઉપર આજે આ સ્થિત છે મથુરા. આગરા થી કિલોમીટર અને અને દિલ્હી થી 145 કિલોમીટર દૂર છે પણ આનું મહત્વ જૈનોમાં વધારે કેમ છે એક વ્યાપારિક દૃષ્ટિએ પણ ખૂબ મહત્વપૂર્ણ છે. આજે ભૂમિ છે એ વેરિયસ રુટ માંથી પસાર થાય છે એની વચ્ચોવચથી પસાર થાય છે એટલે આપણે મેપમાં જોઈએ છીએ તો ખંભાત ભરુચ આ બે વેસ્ટર્ન ઇન્ડિયામાં અને તામ્ર લિપ્ત  થી ઈન્સ્ટન ઇન્ડિયામાં. અહીં બધા વિદેશોથી વહાણો આવતા. અહીંથી મુખ્ય જગ્યાઓ જે અવંતી પાટલીપુત્ર થઈને મથુરા પહોંચતા અને મથુરા થી નોર્થન ઇન્ડિયા અફઘાનિસ્તાન જે અખંડ ભારતનો હિસ્સો હતો ત્યાં ગંધાર અને તક્ષશિલા બાજુમાં માલસામાન પહોંચાડવામાં આવતો

હતો. તો એ કેરેબિયન રૂટમાં બહુ ઈમ્પોર્ટન્ટ રોલ હતો મથુરાનો એટલે વ્યાપારિક દ્રષ્ટિએ પણ જૈન નો ઘણો વસવાટ હતો મથુરામાં. ઇન્ટરનેશનલલી એ પણ જોઈએ તો ઘણા બધા ટ્રેડરૂટ હતા અને અલગ અલગ દિવસોથી વ્યાપાર થતો હતો અને જેનું એક મધ્યમા મથુરા હતું. તો ઐતિહાસિક દ્રષ્ટિએ સાથે સાથે આ પણ ખૂબ જ જરૂરી છે કે મથુરા વ્યાપારિક દ્રષ્ટિએ પણ બહુ ઈમ્પોર્ટન્ટ હતું. જેના કારણે જૈનો નો ત્યાં વસવાટ હતો.

અગર આપણે ઐતિહાસિક દ્રષ્ટિએ જોઈએ તો પ્રાચીન કાળમાં મથુરા ના ઘણા બધા નામ હતા ઇન્દ્રપુરી, મહુરા, મધુપુરી, મધુશિકા, મધુબન, મથુલા, મહુરવ, માદવરા એવા ઘણા બધા નામોથી મથુરા પ્રખ્યાત હતું. શ્રીકૃષ્ણની જન્મભૂમિ અને નેમિનાથ ભગવાનના સમયમાં ઉગ્રસેન રાજા ની રાજધાની હતી. અને આપણા અંતિમ કેવળી જંબુ સ્વામી જીની નિર્વાણ ભૂમિ એટલે ઘણી બધી ઈમ્પોર્ટન્સ છે આ મથુરા ભૂમિ. અને વૈદિક પરંપરામાં તો આ સંસ્કૃતિનું કેટલું બધું ઈમ્પોર્ટન્સ બતાવ્યું છે કે સાત મુખ્ય તીર્થ ભૂમિ ઓમાંથી એક તીર્થની મથુરા બતાવી છે આ મોક્ષદાયી ભૂમિ છે. ગરુડ પુરાણમાં બતાવ્યું છે કે આ મોક્ષ આપનારી ભૂમિ છે વૈદિક પ્રમાણે ઐતિહાસિક દૃષ્ટિએ પણ મથુરા નું ઘણું બધું મહત્વ છે.

જૈન આગમોની દ્રષ્ટિએ જો મથુરાને જોઈએ તો તેનો ઉલ્લેખ ક્યાં ક્યાં મળે છે એને શોધવા જઈએ તો સૌથી પહેલા પ્રાચીન અંગ  આગમ જ્ઞાતાધર્મકથામાં એના રેફરન્સ આપણને પ્રાપ્ત થાય છે. જ્યારે દ્રૌપદીનો સ્વયંવર રચાતો હતો ત્યારે મથુરા નગરીનો ઉલ્લેખ આવે છે. પ્રજ્ઞાપના સૂત્રમાં શૂરસેન દેશનો ઉલ્લેખ છે  એટલે કે મથુરા અને શૂરસેનદેશ બંને જેનો  25 આર્યો ભૂમિમાં જેનો સમાવેશ થાય છે, એવો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. સ્થાનાંગ  અને નિશીથ સૂત્રમાં મથુરાને ભારત વર્ષની મુખ્ય રાજધાની માની એક ગણવામાં આવી છે. નિશીથ ચુરણી અને  વ્યવહાર સૂત્ર આ બધાની અંદર મથુરા દેવ નિર્મિત સ્તુપની  વિશે લખવામાં આવ્યું છે અને બૃહદકલ્પભાષ્યસૂત્રની અંદર મથુરાની આસપાસ 96  ગામોમાં મંગલ ચૈત્ય ની સ્થાપના વિશે લખવામાં આવ્યું છે. તો આ મંગલ ચૈત્ય શું છે? આજે પણ આપણે જોઈએ તો ઘણા લોકો પોતાના ઘરની બહાર ઉપર શ્રી ગણેશ ની સ્થાપના કરતા હોય છે. એવી રીતે મથુરામાં

નિયમ હતો. માણસો પોતાના ઘરની બારે દ્વારમાં 12 શાખ ઉપર જીન પ્રતિમાની સ્થાપના કરતા હતા. એને મંગલ ચૈત્ય કહેવામાં આવતું હતું અને જિન પ્રતિમાની સ્થાપના કર્યા પછી ઘરમાંથી તેઓ એક માન્યતા હતી કે કોઈપણ અનિચ્છનીય ઘટના ત્યાં ન બને અને શાસન દેવો હંમેશા તેમની કૃપા હંમેશા વરસતી રહે. તેના માટે આ મંગલ ચૈત્યની સ્થાપના કરવામાં આવતી હતી.તો આગમમાં પણ આપણને ઘણા બધા ર રેફરન્સરેશન્સ મળે છે. આપણામાં પણ સ્તૂપ ની એક બહુ મોટી એક માન્યતા છે કે માત્ર બૌદ્ધોમાં સ્તૂપ પરંપરા હતી
જૈન ધર્મમાં પણ સ્તૂપ ની બહુ મોટી પરંપરા છે. સત પુરુષો મહાપુરુષો આદિના અવશેષોને સંઘરીને તેના ઉપર સ્તૂપ બનાવવામાં આવતું હતું. સ્તૂપોની પૂજા કરવામાં આવતી હતી અને આપણા આગમોમાં ઘણી બધી ઘણા બધા ઉલ્લેખો છે. આચારાંગસૂત્ર, સ્થાનાંગ સૂત્ર, પ્રશ્ન વ્યાકરણ ગ્રંથ, જીવાભીગમસૂત્ર. ઘણા બધા આગમોમાં આપણને સ્તુપોનો ઉલ્લેખ મળે છે.

મથુરાના દેવ નિર્મિત સ્તૂપ વિશે આપણે વાત કરીશું. આ સ્તૂપની વાતો માત્ર આગમો માં નહીં પણ અન્ય ઘણા બધા શાસ્ત્રીય ઉલ્લેખ આપણને પ્રાપ્ત થાય છે. ઓઘનીરયુક્તિ,નિશીથ ચુરની, વ્યવહારસૂંત્ર, બૃહદ કલ્પસૂત્ર, યશ્તીતિલક ચંપુ, દિગમ્બરો અને શ્વેતાંબરોના તથા કથા કોષ ગ્રંથમાં, તીર્થ માલા પ્રભાવક ચરિત્ર, વિવિધ તીર્થ કલ્પ, સર્વદેવ ચૈત્ય પરિપાટી હિર સૌભાગ્ય કાવ્ય. એટલે 17મી સદી સુધી આપણને ટૂંકમાં શાસ્ત્રીય ઉલ્લેખ આપણને પ્રાપ્ત થાય છે. કેટલું મહત્વ રહ્યું હશે આપણા જૈન ધર્મના એનું શું આગવું સ્થાન રહ્યું હશે અહીંથી આપણને સમજાય છે. વિસ્તૃત ઉલ્લેખ આપણને શાસ્ત્રોમાં પ્રાપ્ત થાય છે દેવનિર્મિત રૂપના આપણે વિચાર કરીએ કે આ દેવનિર્મિત દેવનિર્મિત સ્તૂપ શું છે? માત્ર શાસ્ત્રમાં નો કોઈ પુરાતાત્વિક પ્રમાણ છે કે નહીં? તો અવશ્ય પ્રમાણ છે. આપણને એમાં ત્રણ મુખ્ય શિલાલે ખો પ્રાપ્ત થયા છે કે જેની અંદર સ્પષ્ટ પણ એ દેવનિર્મિત રૂપની વાત લખી છે જણાવી છે બતાવી છે. તો આપણે અહીં આ એક પ્રતિમાનું પભાસણ રૂપ હતું. શક સંવંત 97 નો અભિલેખ એટલે ઇસવીસન 147 નો આ અભિલેખ છે. એની અંદર માં સ્પષ્ટપણે દેવન નિર્મિત સ્તુપની વાત લખવામાં આવી છે. માત્ર શાસ્ત્રીય દૃષ્ટિએ નહીં પણ પુરાતત્વીય દ્રષ્ટિએ પણ આપણને અવશેષ મળે છે કે આ ભૂમિ ને દેવ નિર્મિત સ્તૂપ કહેવામાં આવતું હતું. તો દેવનિર્મિત સ્તૂપ

કેમ આ શુ દેવો બનાવ્યું હતું? દેવો એ રચેલું છે કે માનવો રચેલું છે કેમ ? કેમ એને દેવ નિર્મિત સ્તુપ કહેવામાં આવે છે તો આપણે તેના વિશે જાણીએ.

સહુથી પહેલા એની કથા આપણને વ્યવહાર સૂત્રમાં મલયગીરી ટીકામાં મળે છે. વ્યવહાર સૂત્રમાં બતાવ્યું છે કે એક ક્ષપક નામના મુની મથુરામાં તપસ્યા કરતા હતા. એ જ્યારે ખૂબ અત્યંત ધ્યાન સાધનામાં લીન હતા. ત્યારે તેમના તપ અને ધ્યાન દ્વારા જે એ ભૂમિની અધીષ્ટયિકા દેવી હતી તે દેવી ખૂબ પ્રભાવિત થઈ. તે પ્રગટ થઈ. તેમને વંદના કરી પૂછ્યું મારા લાયક કોઈ કામ હોય તો જણાવો. ત્યારે મુનીશ્રીએ કહ્યું આપતો અસંયમી છો,અસંયમીથી મારું શું કામ થવાનું છે. હું સંયમી છું અને આપ અસંયમી છો. આપ થી મારું કોઈ કામ નહીં થાય. દેવીને આ વાત સાંભળી અને ખૂબ અપ્રિતી જાગી,અપ્રિય લાગી છતાં પણ તેમણે એક રાતની અંદર આ દેવ નિર્મિત સ્તૂપ ની રચના કરી.એટલે કે એમ શાસ્ત્રમાં લખ્યું છે કે રત્ન જડિત સુવર્ણમય સ્તૂપની રચના કરી આપી રાતો રાત એક રાતની અંદર જ. જ્યારે આ સ્તૂપની રચના થઈ ત્યારે અમુક દિવસોમાં જ કેટલાક બૌદ્ધ વૈદો એ પોતપોતાના અલગ અલગ રીતે કહ્યું કે આ સ્તુપતો અમારો છે. છ મહિના સુધી આ વિવાદ ચાલ્યો કે આ સ્તૂપ કોનો છે? તો ત્યાંનો જે જૈન સંઘ હતો. તેમણે ક્ષપક મુનિ રાજની પાસે ગયા તેમને કહ્યું આનું કોઈ સમાધાન લાવો 6 મહિના થઈ ગયા અને આ વિવાદ હજુ ચાલુ છે ત્યારે ક્ષપક મુની કહે છે આપ બધા કાયોત્સર્ગ કરો અને દેવીને પ્રગટ કરો. બધાના કાયોત્સર્ગ થી દેવી પ્રગટ થયા ત્યારે કહે છે કે મારા લાયક કામ ફરમાવો. મુની કહે છે કે સંઘનો જેમાં વિજય થાય એવું કાર્ય કરો. ત્યારે દેવી એ જૂની વાત યાદ કરીને જણાવ્યું આપે તો કહ્યું હતું કે મારા અસંયમીથી શું કામ થાય એટલે હું તમને એ કામ કરીને દેખાડીશ કે અસંયમી થી શું કામ થાય. ત્યારે દેવીએ એક સજેશન આપ્યું. આપ જઈને રાજાને કહો કે યદી આ બૌદ્ધ ન હોય તો તો સ્તૂપની ઉપર રક્ત એટલે કે લાલ રંગ ની પટાકા ફરશે અને જો જૈનોની હશે તો શેતરંગની પત્તા કા ફરશે અને આ વાત જાણીને રાજા ના અમુક માણસોએ રાતોરાત ત્યાં રક્ત વરણી એટલે કે લાલ રંગની પટાકા ફેરવી દીધી પણ દેવી એ પોતાના પ્રભાવ દ્વારા લાલ રંગની શ્વેત વર્ણની પટાકા માં ફેરવી દીધી અને જૈન સંઘનો વિજય થયો. દેવોએ આ

સ્તુપ રચ્યો  હતો એટલે એને દેવનિર્મિત તૂપ કરવામાં આવે છે. આ હતી વ્યવહાર સૂત્રની મલયગીરી ટીકા માં જે કથા હતી તે.

વિવિધ તીર્થ કલ્પમાં થોડીક અલગ પ્રકારની કથા બતાવવામાં આવી છે. 14 મી સદીમાં આચાર્ય જીન પ્રભુ સૂરીશ્વરજી મહારાજા તેમણે મથુરા પુરીમાં બહુ વિશિષ્ટ રીતે અહીંની કથા લખી છે વર્ણન કર્યું છે તો તેવું કહે છે કે સાતમા તીર્થંકર સુપાર્શ્વનાથ ભગવાનના સમયમાં બે મુનિ ભગવાન તો શ્રી ધર્મરુચી મુનિ અને શ્રી ધર્મઘોષ મુનિ વિહાર અને તપસ્યા કરતા મથુરા નગરીમાં પધાર્યા. ત્યાં ભૂત રમણ નામના ઉદ્યાનમાં ચાર માસ ઉપવાસ કરીને ચોમાસું રહ્યા અનેક અનેક પ્રકારના તપ કર્યા આ પ્રકારના ગુણોને જોઈને એ ઉપવનની જે અધીષ્ટાયિકા દેવી, જેનું નામ હતું કુવેરા એ ખૂબ જ પ્રસન્ન થઈ. તે આકર્ષિત ક થઈને ગુરુ ભગવંતો પાસે આવે છે અને વરદાન માંગવાનું કહે છે. સાધુઓ નીસંગ હતા. તેઓ એ કશું માંગ્યું નહીં અને એને ધર્મ સંભળાવીને એને સમ્યકદ્રષ્ટિ વાળી દેવી બનાવી.  છતાં પણ દેવીનો એક હટ હતો મારા લાયક કોઈ કામ હોય તો જણાવો. તે દેવી વિનંતી કરે છે તમે એટલા સંયોગી છો પ્રભાવશાળી છો કે આપ આ ઉદ્યાનમાં જાવક જીવ રહો. મને તમે એટલા ગમી ગયા છો. તમે ચારિત્રની આરાધના કેટલી ઉત્કૃષ્ટ કે આપ અહીં જ રહો પણ પણ મુનિઓ પોતાના આચાર સમજાવે છે કે ચાતુર્માસ પછી અમારો વિહાર અનિવાર્ય છે. દેવી નો હઠ હતો કે મારી લાયક કોઈ કામ જણાવો તો મુની ભગવાન તો કહે છે સકળ સંઘ સહિત અમને મેરુ પર્વતની યાત્રા કરાવો. પણ તે દેવી માટે શક્ય નહોતું. તેણે કહ્યું કે હું તમને બંનેને યાત્રા કરાવી દઉં પણ સંઘ ને હું યાત્રા નહીં કરાવી શકું. તો આ બંને મુન્ની ભગવાન તો કહે છે અમે બે તો અમારી વિદ્યા દ્વારા મેરુ પર્વત ના દર્શન કરેલા છે જો તું સકળ સંઘને દર્શન કરાવી શકીશ. તો એવું કંઈક કર તો એક રાત્રી ની અંદર મેરુ પર્વતના આકારના એક સ્તૂપની રચના કરી, જે સુવર્ણમય સ્તુપ હતો અને અંદર રત્નો સ્થાપવામાં આવ્યા હતા. એવા સુંદર પાર્શ્વનાથ ભગવાનના સ્તૂપ ની રચના  કરવામાં આવી.  આ કથા આપણને વિવિધ તીર્થકલ્પથી મળે છે. અહીં પણ મલયગીરી ટીકા જેવી સેમ વાત અહીં કરવામાં આવી છે. અચાનક સ્તૂપ ઊભો થવાથી અલગ અલગ ધર્મના લોકો દાવો કરે છે કે આ અમારા ધર્મનું સ્તૂપ છે. અને તેની

પરીક્ષા કરવા માટે બધા ધર્મના લોકો પોતપોતાના ભગવાનનો પટ લઈને ઉભા રહે છે. જૈન સંઘ ભગવાન શ્રી સુપાશ્વરનાથ નો પટ લઈને ઉભો રહે છે અને દેવીએ પોતાના પ્રભાવ દ્વારા એક વાવાઝોડાની રચના કરી અને એ વાવાઝોડા દ્વારા બધા જ ધર્મના પટ્ટો ઉડી જાય છે માત્ર શુપાર્શ્વનાથ ભગવાનનો પટ ત્યાં રહે છે અને ત્યારથી આયંગપટ બનવાની પટ શીલા બનવાની શરૂઆત થઈ આ આયંગપટ શું છે? એની વિસ્તૃત વાત આપણે આગળ કરશું ત્યારથી આ  બનવાની પરંપરા શરૂ થઈ અને આજે રત્નમય સુવર્ણમય સ્તૂપ હતો એ સુ પાશ્વનાથ ભગવાનના સમય સુધી રહ્યો. પાશ્વનાથ ભગવાને અહીં પદાર્પણ  કર્યું .અહીં વિચર્યા અહીં સ્તૂપની વંદના પણ કરી એકવાર ત્યાં નો જે રાજા હતો તેણે સ્તૂપ તોડવાનો પ્રયાસ કર્યો. કેમ કે એની અંદર એટલું આકર્ષણ હતું કે તેના સોનુ રત્ન બધું લઈ લઉં. એ આકર્ષણ દ્વારા એને સ્તૂપને તોડવાનો પ્રયત્ન કર્યો અને સ્તૂપ તોડવાનો જેવો પ્રયાસ કર્યો કે એ જે એના માણસો હતા એ તરત જ મૃત્યુ પામ્યા અને રાજા ને પણ આઘાત લાગ્યો એટલે રાજાએ સ્તુપ તોડવાનો આશય છોડી નાખ્યો અને થોડા સમયમાં તે પણ મૃત્યુ પામ્યો. પાર્શ્વનાથ ભગવાન જ્યારે અહીં પધાર્યા ત્યારે નગરની અધીષ્ટયીદેવી એ જોઈને આગળનો કાળ ખૂબ જ પડતો કાળ છે.  આખા સુવર્ણમય સ્તૂપને ઈંટ દ્વારા આચ્છાદિત કરી દીધો. આજે એમ કહેવાય છે કે આપણે ઈંટનો સ્તૂપ દેખાય છે દેખાય છે એટલે આપણે એસ્ટીમેન્ટ કરી શકીએ કે પાશ્વનાથ ભગવાનના સમયમાં આ સ્તુતિ દ્વારા આચ્છાદિત થયો હોય તો પણ આ સ્તૂપ કમ સે કમ 3000 વર્ષ જૂનો હોઈ શકે. આચાર્ય કંદિલાચાર્યએ ત્રીજી શતાબ્દીમાં અહીં બધા જ ઉત્તરમાં રહેલા જેટલા પણ શ્વેતાંબર સાધુ સાધ્વીજી ભગવંતો હતા તે બધાઓને એકત્રિત કરીને મથુરામાં આગમો ની વાચના કરી અને તેને માથુરી વાંચના કહેવામાં આવે છે. આ બધી જ વાત મથુરા પુરી કલ્પના લખેલી છે. પછી આચાર્યશ્રી બપ્પભટ્ટીસુરીશ્વરજી મહારાજે આ તીર્થ નો ઉદ્ધાર કર્યો. મહાવીર સ્વામી ભગવાનની એક પ્રતિમાની સ્થાપના કરી. દેવ નિર્મિત સ્તૂપ સમક્ષ 15 દિવસના ઉપવાસ દ્વારા આચાર્ય જીનભદ્રગણી ક્ષમા ક્ષમણ એમણે ઉદય થી ભક્ષણ કરાયેલા તૂટેલા ભાંગેલા પાઠવાળા શ્રી મહાનિષિથ સૂત્રનું અનુસંધાન કર્યું. જે મુનિ ક્ષેપક અને બોધો પર જે વિજયની કથા આપણે કરી એ પણ અહીં જીનપ્રભસુરીશ્વરજી મહારાજે કહ્યો છે. આ દેવ નિર્મિત સ્તુપની બે કથાઓ આપણે સાંભળી એમાં થોડી થોડી થોડી જુદી છે

સીમીલારીટી એ જ છે કે ત્યાંની બધી  અધીષ્ટયીદેવી કુબેરા એ  આ સ્તૂપ બનાવ્યો હતો પાર્શ્વનાથ ભગવાનનો. આ સ્તુપ કેવો દેખાતો હશે તેના દ્વારા એની એક રચના કરવામાં આવી. અહીં આપણે જોઈ શકીએ છીએ કે ઉપર ચડવા માટેના સોપાનો છે એક હાઈટ સ્તૂપ ઉપર છે બંને તરફ દ્વારપાળો નીચે રાખવામાં આવ્યા હતા. એક તરફ પુરુષ દ્વારા પાલ એક તરફ સ્ત્રી દ્વારપાળ છે. ઉપર રેલિંગ મય તોરણ  છે. પાછળ સ્તૂપ છે.ચારે તરફ સ્તંભ છે. દૂરથી જોવાથી આવું  સ્તૂપ દેખાય છે. આ સોપાનો આપણે ચડી જઈએ તો પ્રવેશ દ્વારનું તોરણ છે, ખૂબ જ ભવ્ય તોરણ છે. આવું સેમ તોરણ આપણને સાચી સ્તૂપમાં મળે છે. અહીં ધર્મચક્રના સ્તંભ છે ઉપરમાં ત્રણ છત્ર છે, પ્રદક્ષિણા નું માર્ગ છે, ત્રણ અલગ અલગ પ્રકારની પ્રદક્ષિણાના ત્રણ અલગ અલગ માર્ગ છે એક તરફ ધર્મચક્રનો સ્તંભ છે એના ઉપર ધર્મચક્રની સ્થાપના કરવામાં આવી છે અને એક તરફ જે સિંહસ્થંભ છે એના ઉપરથી સિંહની સ્થાપના કરવામાં આવી છે. અહીં અલગ અલગ પ્રકાર થ્રીડી વ્યુ થી પણ આપણે જોઈ શકીએ છીએ. આ એક પટ પ્રાપ્ત થયો છે એ આયગ પટમાં સ્તૂપ ની રચના બતાવવામાં આવી છે અને તેના દ્વારા જ કેવી રીતે રચના કરવામાં આવી છે તે તેના દ્વારા થ્રીડી વડે ધર્મચક્ર પ્રભાવક ચક્રનું એક કેલેન્ડર બહાર પડ્યું હતું. જેમાંથી આ રચના તેઓએ બનાવી છે પ્રતિકૃતિ અહી લીધી છે .

આપણે દર્શાવી સ્તૂપની અંદર આપણે દાખલ થયા. સામે સ્તૂપનું પ્રવેશ દ્વાર છે. પ્રદક્ષિણા લઈએ છીએ ત્યારે રાઉન્ડમાં સ્લાન્ટિંગમાં આયંગપટ મૂકવામાં આવતા હતા. અહીં આયંગપટ નું દર્શન અને પૂજા થતી હતી. અને આ મુખ્ય સ્તૂપ જે બહારનું આકાર દેખાય છે ગુંબજનો એની અંદરમાં મૂળ એક નાનકડો સ્તૂપ હતો એની એની અંદર મૂળ જે દેવનિર્મિત રત્નથી આચ્છાદિત હતો. જેની ઉપર ઈંટ થી આચ્છાદિત કર્યો જે મૂળ ગર્ભમાં હતો એની અંદર સર્વતો ભદ્ર એટલે કે ચતુર્મુખી પ્રતિમા હતી. આવો દેવ નિર્મિત સર્પનો આકાર હતો.

અહીં બીજી મુખ્ય ઘટનાઓ પણ બની છે આચાર્યશ્રીજી બપ્પભટ્ટી સૂરીશ્વરજી મહારાજ અહીં આઠમી સદીમાં પધાર્યા હતા અને તેમણે વીર પ્રભુની પ્રતિમાની સ્થાપના કરી હતી. 16મી સદીમાં લગભગ ટોડરમલ જે અકબરના કોટીર હતા. તેઓએ અહીં 515 સ્તુપોનો જીર્ણોદ્ધાર

કર્યો મતલબ કે અત્યારે એ સમયમાં 515 નાના નાના હયાત હતા આચાર્ય શ્રી હીર વિજયજી મહારાજ, જે અકબરના પ્રતિબોધક અને જેમને જગતગુરુ ની પદવી આપવામાં આવી હતી એમનું પણ સોળમી સદીમાં અહીં પદાર્પણ થયું હતું અને તેમણે ઉલ્લેખ કર્યો છે કે ત્યારે ૫૨૭ સ્તૂપ  હતા અને તેની તેઓએ વંદના કરી હતી. અને 1611 માં એમના શિષ્ય શ્રી વિવેક હર્ષ ગણીજીએ અહીં જંબુ સ્વામીની ચરણ પાદુકાની અહીં સ્થાપના કરી હતી. જે આજે દિગમ્બરના 84 મંદિરમાં સ્થિત છે.

આપણે વિચારીએ છીએ કે આટલી જે આપણી ધરોહર  છે એ ક્યાં છે?  આપણને આજે કેમ સ્તૂપ જોવા મળતા નથી? તો મથુરા ઉપર ઘણા ઘણા આક્રમણો થયા અને એના દ્વારા મથુરાએ ઘણું બધું સહન કર્યું. 11મી શતાબ્દીમાં મહંમદ ગઝનવી એ અહીં આક્રમણ કર્યું ને 20 દિવસ સુધી લુંટ્યું અને દેવનિર્મિત સ્તૂપનો ધ્વંશ કર્યો. આપણે વિચારીએ કે 20 દિવસ સુધી લૂંટ્યું એટલે કે કેટલું બધું એને લૂટી લીધું હશે. પાંચ વર્ષ તેનો  જીર્ણોદ્ધાર કરતા લાગ્યો આ સ્તૂપનો. 15 મી સદીમાં સિકંદર લોદીએ ફરી હુમલો કર્યો. 16મી શતાબ્દીમાં ઔરંગઝેબે હુમલો કર્યો 18 મી સદીમાં નાદીર સાહેબ હુમલો કર્યો. એના અમુક વર્ષોની અંદર જ અહમદશાહ અબલદીએ ફરી હુમલો કર્યો. અને એમ કહેવામાં આવે છે કે જ્યારે અહમદશાહે હુમલો કર્યો ચઢાઈ કરી હતી ત્યારે એટલા બધા લોકોની હત્યા થઈ હતી કે યમુના નદીનું પાણી સાત દિવસ સુધી રક્તથી લાલ રહ્યું હતું. તો આવા આવા આક્રમણો થયા હોવાને કારણે આ સ્તૂપ સંપૂર્ણપણે ધ્વંશ પામ્યો અને એનું નામો નિશાન આપણી હિસ્ટ્રીમાંથી અમુક વર્ષો માટે ગાયબ થઈ ગયું હતું.

19મી શતાબ્દીમાં ત્રણ બ્રિટિશરોએ ખૂબ મહેનત કરીને અહીં ઉત્ખનન કર્યું.
એલેક્ઝાન્ડર ક્નીંગ હેમ, ગ્રોવસે, ફયુહરર, ડો. બર્જેસ. બધા અલગ અલગ સમયમાં 1871-75 એડી 1891 અહીં ઉત્ખનન કરી એકલીમેસન કર્યા અને આજના સમયમાં જેને કંકાલિટીલા ની જગ્યા કહેવામાં આવે છે. અને આઠસો થી વધારે પુરાતત્વિક અવશેષો જૈન પ્રતિમાઓ અહીંથી પ્રાપ્ત થયા. એક સ્તૂપ  સાથે બે જૈન મંદિરોના અવશેષ પણ પ્રાપ્ત થયા. આ

ઉત્ખનન દ્વારા એક જૈન નો આગવો ઇતિહાસ બહાર પડ્યો. એ સમયમાં માન્યતા હતી કે જૈન ધર્મ અલગ નહોતો પણ બૌદ્ધ ધર્મની એક શાખા હતી કે બૌદ્ધ ધર્મનો એક સ્વરૂપ હતો. પણ આ એક્સપ્લેમેસન ભ્રમણા તૂટી કે  વેસ્ટન કલ્ચરમાં લોકોને ખબર પડી કે જૈન ધર્મનું પણ એક આગવું સ્થાન હતું છે જ્યારે અવસ્થાની પ્રાપ્ત થઈ પ્રાપ્તિ થઈ ત્યારે જાણ થઈ. આ સેકન્ડ સેન્ચ્યુરી બીસી થી લઈને 14 સભ્યો સદીઓ વર્ષો વચ્ચેના અવશેષો પ્રાપ્ત થયા છે. અને આ વર્તમાનમાં  જે સ્થાને આ સ્તૂપ હતો ત્યાં કંકાલી માતાનું મંદિર છે એટલે એને કંકાલિટીલા એ ટીલા ઉપર છે એટલે એને કંકાળી ટીલા કહેવામાં આવે છે અને અહીં જેટલા પણ આર્ટિફેક્ટ મળ્યા છે એ બધા લખનઉ સ્ટેટ મ્યુઝીયમ તથા મથુરા આરકિયોલોજીકલ મ્યુઝિયમ માં પ્રાપ્ત થાય છે.

એક ટાઈમ લાઈન જો આપણે માપીએ તો આપણને ખબર પડે કે સૌથી પહેલા તો પાછળના સુપાર્શ્વનાથ ભગવાનના સમયમાં એમ માની લઈએ કે આચાર્ય જીન પ્રભુ સૂરીશ્વરજી નો ઉલ્લેખ એ જ સત્ય ઉલ્લેખ હતો. તો પ્રાગ ઐતિહાસિક કાળમાં જોઈએ તો અને આ ના જ સુપાર્શ્વનાથ ભગવાનનાકાળમાં જોઈએ તો આ આ સ્તૂપ નું નિર્માણ થયું હતું એના પછી ઇસવી પૂર્વમાં એટલે કે આઠમી સદીમાં પાર્શ્વનાથ ભગવાનના સમયમાં જ્યારે પાર્શ્વનાથ ભગવાન પધાર્યા હતા અને આને ઈંટ દ્વારા આછાદિત કર્યું હતું .એના પછી અહીં પ્રથમ જે શિલાલેખ પ્રાપ્ત થાય છે સેકન્ડ સેન્ચ્યુરી બીસી નો શૃંગ કાલીન  અભિલેખ પ્રાપ્ત થાય છે. તેના પછી ક્ષેત્રપ કાળ આવે છે. જે ક્ષત્રપવંશનો હતો. 57 એડી નો કાળ હતો એને આપણે કહી શકીએ અને પ્રી કુશાન કાળમાં એની ચર્ચા આપણે આગળ લઈશું. કુશાન કાળ એટલે 38 થી લઈને ત્રીજી સેન્ચ્યુરી સુધીનો જે સમય હતો. એ સમયની અંદર આર્ય સ્કન્દીલાચાર્ય દ્વારા આગમોની વાચના થઈ હતી. એના પછી આવ્યો ગુપ્તકાળ એ પણ લગભગ 300 વર્ષ ચાલ્યો. મધ્યકાલીન યુગ આવ્યો પછી આચાર્યબપ્પ ભટ્ટી સૂરીશ્વરજી નો ઉદ્ધાર નો સમય થયો એના પછી મધ્યયુગીન કાળ થયો. એ કાળ આવ્યા પછી જ એક પછી એક આક્રમણો થવા લાગ્યા સ્તૂપનો જીર્ણોદ્ધાર પણ થયો. એના પછી એક પછી એક હુમલા થયા એ પછી 17 મી સદીમાં

સંપૂર્ણપણે નાશ પામ્યો અને એનું ઉત્ખનન આપણને 19 સેન્ચ્યુરીમાં મળ્યું. આ દ્વારા આપણે સમજી શકીએ કે કેટલા લાંબા સમયનો આ સ્તૂપ નો ઈતિહાસ રહ્યો હશે.

કાળ અનુસાર આપણે જેટલા પણ અવશેષ પ્રાપ્ત થયા છે એનું આપણે અલગ અલગ વર્ગોમાં ડિવાઇડ કરીએ તો કુષાણકાળની પૂર્વ ની પહેલાંનો સમય ક્રાઈસ્ટ ના પહેલા નો સમય કાળ નો સમય પહેલી સદીથી ત્રીજી શક્તિ ની વચ્ચે ગુપ્તકાળ એટલે ત્રીજી થી છઠ્ઠી સદીનો વચ્ચે નો સમય પછી મધ્યકાળ એટલે આપણે જેટલા પણ 800 થી વધારે અવશેષો પ્રાપ્ત થયા છે એને આપણે આ ચાર કાળમાં ડિવાઇડ કરી શકીએ છીએ. હવે આપણે એની એક એક કાળ વાઇઝ ચર્ચા લેશું.

પ્રથમ આપણે કુશાન કાળ પૂર્વના જે અવશેષો છે એની વાત કરીએ. કુષાનકાળ શરૂ થયો એના પહેલા કેવા અવશેષ હતા, એના પહેલા જૈન ધર્મની ત્યાં કેવી પ્રરૂપતા હતી અને ત્યાં આપણને કેવી કેવી પ્રતિમાઓ આદિ પ્રાપ્ત થયા કેવા કેવા અભિલેખો પ્રાપ્ત થયા છે,કોણે કોણે ભરાવ્યા. એ બધી વાતો આપણે અહીં કરીશું. આપણે જોઈએ તો ઇન્ડિપેન્ડન્સ એટલે કે સ્વતંત્ર રીતે આપણને જૈન પ્રતિમાઓ પ્રાપ્ત થતી નથી પૂજા થતી હતી અને સ્તૂપને જ પવિત્ર માનવામાં આવતા હતા. આયાગ પટ્ટો ની પૂજા થતી હતી એટલે આપણે પહેલે પણ કહ્યું એમ આ આયાગપટની પૂજા તીર્થ કલ્પના પણ બતાવી છે આ એક પટની પ્રથા પ્રવર્તતી હતી. આ પટ બારશાકની અંદર તોરણની અને સાથે સ્તંભની પણ પૂજા થતી હતી. સ્તૂપના જે ભાગો હતા એ એ બધાની પૂજા થતી હતી. આજે પણ આજ આપણે સારનાથ આદિ બૌધ ભૂમિમાં જઈએ તો આપણે જોઈએ કે બૌદ્ધ લોકો એ સ્તૂપ ઉપર સોનાના વરખ લગાડે છે એટલે એ લોકો ને એક સ્તુપને એ પૂજાની વસ્તુ માને છે. એમ આપણે પણ પહેલા પૂજા કરતા હતા. આયગ પટ્ટ શું હતું એટલે એ અરિહંત પ્રભુને શુભ અષ્ટમંગલ ચિન્હોને આ બધાને વંદન કરતો એક શીલા નો પટ્ટ હતો.લગભગ ચોરસ યા લંબચોરસ આકારનો. એ સમય આપણને લગભગ 27 આયાગ પટ્ટો મળે છે આ કુશાનકાળ પૂર્વની વાત છે. આને એક ઊંચા લેવલ ઉપર સ્થાપવામાં આવતું હતું અને સ્લાન્ટિંગ રીતે રાખવામાં આવતા હતા. સ્તૂપની

પ્રદક્ષિણામાં એની દર્શન પૂજા અને દર્શન પણ કરતા હતા માત્ર શોભા માટેની નહી પણ પૂજા કરવા માટે પણ આયંગપટ્ટ નો ઉપયોગ કરવામાં આવતો હતો. અવશેષ જે આપણને પ્રાપ્ત થાય છે જેથી ખબર પડે છે કે કોની પૂજા થતી હતી અહીં આપણે જોઈ શકીએ છીએ કે બંને તરફથી લોકો આવી રહ્યા છે હાથમાં માળા લઈને સ્તૂપની પૂજા કરવા માટે પણ આવી રહ્યા છે આ બધા અવશેષો આપણને ત્યાંથી જ પ્રાપ્ત થયા છે કે સ્તૂપની પૂજા એ સમયમાં કેવી પ્રચલિત હતી આ સ્લાઈડ એને દર્શાવે છે આજે આપણામાં સ્તુપ પૂજાની વાત થઈ ગઈ છે પણ એ સમયમાં પૂજા કેટલી ઈમ્પોર્ટન્ટ હતી. ત્યારે સ્વતંત્ર પ્રતિમાઓનું નિર્માણ થતું ન હતું.

દિગંબર સંપ્રદાયમાં ખાસ કરીને એક કથા આપણને પ્રાપ્ત થાય છે કે ઋષભદેવ ભગવાનનું વૈરાગ્ય કેવી રીતે ઉત્પન્ન થાય છે નીલાંજના અપ્સરા જેને ઇન્દ્રે મોકલાવી હતી. એનું આયુષ્ય એકદમ પૂર્ણ થવા આવ્યું હતું. જ્યારે આદિનાથ ભગવાન રાજા હતા અને એ રાજ દરબારમાં બેઠા હતા. એમની સામે આ એ નૃત્ય કરતી હતી અને એનું આયુષ્ય પૂર્ણ થતા જ એ નિષ્પ્રાણ થઈને ત્યાં પડી ગઈ અને એને જોઈને જ આદિનાથ ભગવાનને વૈરાગ્ય પ્રાપ્ત થાય છે અને એ પ્રણ કરે છે કે મનુષ્ય જીવનની એવી ક્ષણ ભંગુરતા છે કે તે જોઈને એમને વૈરાગ્ય જાગ્યો ત્યારે ને ત્યારે એમણે દીક્ષા ગ્રહણ કરી. તો દિગંબર સંપ્રદાયમાં આ કથા દિગંબર બહુ જ ફેમસ છે પણ શ્વેતાંબર પંથમાં પણ માત્ર વિમલજી મહારાજ પદ્મ ચરિત્રમાં આ કથા આપણને મળે છે કથા નહીં પણ માત્ર ઉલ્લેખ જ આપણને પ્રાપ્ત થાય છે. કેટલાક ઇન્ટરપીટીશન છે શ્વેતાંબર પરંપરામાં આ માન્યતા નથી પણ દિગંબર પરંપરામાં આ માન્યતા છે. તો આ કથા ને એક પુરાવો આપતો પુરાતાત્વિક અહીંનું એક શિલ્પ છે જેની અંદર આ સેકન્ડ સેન્ચ્યુરી બીસી નો અવશેષ આપણને પ્રાપ્ત થયો છે. જે આજના દિવસે બે ભાગમાં ખંડિત થયો છે જેમાં દેખાડવામાં આવે છે કે અપ્સરા નિલાંજનાનું એક બાજુ નૃત્ય છે અને બીજી બાજુ પ્રભુનો વૈરાગ્ય છે. તો અહીં આ સૌથી જૂનો કહી શકાય એવું તીર્થંકર પરમાત્માની આકૃતિનું સૌથી જૂનો પુરાવો છે. મૂળ આ એક દ્વાર શાખનો ભાગ હતો. એને લીન્ટલ કહેવામાં આવે છે. ઋષભ દેવના દીક્ષા પછીનો સમય પછી નો સમય અને દીક્ષા પહેલા નો સમય બતાવવામાં આવ્યો છે અહીં ભગવાનના હાથમાં છે હજી અલગ જ વસ્તુ આપણામાં એવી પ્રથા હતી કે પરમાત્મા

દીક્ષા લીધા પછી રજોહરણ રાખે તો આ એક અલગ છે અહીં જોવા મળે છે. ભગવાનની બંને તરફ એક એક ચામળધારી ઇન્દ્ર છે છે એનું પણ એક દ્રશ્ય અહીં જોવા મળે છે સેકન્ડ સેન્ચ્યુરીનો ખૂબ જ મહત્વપૂર્ણ કહી શકાય એવું શિલ્પ છે જેમાં પરમાત્મા ની પ્રથમ આકૃતિ અહીં જોવા મળે છે. અત્યારે સ્ટેટ મ્યુઝિયમ લખનઉ નું ન્યુઝ આ ચિત્ર આપણને જોવા મળે છે.

આયગ પટમાં આપણને સૌથી પહેલા સિવાયશાનો આયગપટ્ટ મળે છે. ઇસવી પૂર્વ સદીમાં નિર્મિત થયો હતો. આજે એનો ઉપરી ભાગ ખંડિત છે પણ નીચેનો જેટલો ભાગ મળે છે એનાથી આપણે જોઈ શકીએ છીએ કે સ્તૂપ એ સમયમાં કેવો દેખાતો હશે. એની આંશિક રજૂઆત આપણને આ આયગ પટમાં મળે છે આ સિવાયશા નામની શ્રાવિકા કરાવ્યું હતું. એ પછી શીવા ઘોષિકાની શ્રવિકાનો આયક પટ્ટ આ બહુ ઈમ્પોર્ટન્ટ છે કે એક ક્ષેત્ર પ્રજાના ક્ષત્રપ રાજા સુદાસ સમયના ની ઇસવી 15માં વર્ષમાં આ નિર્માણ થયેલો આયગપટ્ટ એમાં વચ્ચોવચ સહસ્ત્ર ફળા પાર્શ્વનાથ પ્રભુ બિરાજમાન છે. એટલે આયગ પટની વચ્ચોવચ આ એક પટમાં જો કોઈ સર્વપ્રથમ તીર્થંકર પરમાત્માની આકૃતિ જોવા મળે તો એ આ પાર્શ્વનાથ ભગવાનની છે. એમની બંને બાજુ વંદના કરતા ચોલપટ ધારી મુનિઓ છે એમ જોઈએ તો નગ્ન છે પણ એક તરફ ડાબી બાજુ એમને એક વસ્ત્ર નાખેલું છે. ચારે તરફ સારા સારા મંગલો રચવામાં આવ્યા છે અને અહીંનો જે શિલાલેખ છે એમાં સૌથી પહેલા અરહન્તોને વંદન કરવામાં આવ્યા છે અને એમાં લખવામાં આવ્યું છે કે આ સિવાગોસાની શ્રવિકા દ્વારા નિમિત કરવામાં આવ્યું છે. સિંહનાદિકાનો આયગ પટ્ટ જે વણિક જાતિના  સિંહ કા અને કૌશિકી ના પુત્ર સિંહના દિકરા દ્વારા પ્રતિષ્ઠિત છે. આમાં ભગવાન છે એની ચારે બાજુ ત્રિ રત્ન એટલે કે દર્શન જ્ઞાન ચરિત્ર નિરૂપણ કરતું અંકન કરવામાં આવ્યું છે. અલગ અલગ પ્રકારના મીન યુગલ, વર્ધમાન પુરુષ, પૂર્ણ કળશ, અલગ અલગ જાતિના અષ્ટમંગલોનું સુશોભન કરવામાં આવ્યું છે. બંને તરફ એક એક સ્તંભ છે જે લગભગ ફારસી શૈલીમાં હકવાની શૈલીમાં આ સ્તંભ જોવા મળે છે. આનો પણ શિલાલેખ નો પ્રારંભ અર્હતોથી થાય છે, એમની વંદના દ્વારા થાય છે. ઇસવિની પ્રથમ સદીનો આયગપટ્ટ છે.

નન્ધાવર્ત આયગ આપણને પ્રાપ્ત થાય છે. આજે વર્તમાન જે આલેખન કરીએ છીએ એ આલેખન આ સમયમાં હતું. એના આલેખની અંદર જ અલગ અલગ પ્રકારના અષ્ટમંગલનો ચિત્રણ કરવામાં આવ્યું છે જેની અંદર સ્વસ્તિક, મીનયુગલ,શ્રી વત્સ,ભદ્રાસન  નું અંકન છે. વચ્ચેના ઘેરામાં ચાર ત્રિરત્ન મધ્યમાં અને નીચે પણ અરહદ પ્રભુ નું અંકન છે. અસ્પષ્ટ અને ભૂસાયેલો શિલાલેખ છે અજ્ઞાત દાતા દ્વારા આયગપટ્ટ છે.

ગણિકા લુણશોભિકા ની પુત્રી વાસુનો આયગ પટ આપણને મળે છે. આ ઉપરથી આપણે જાણી શકીએ કે અલગ અલગ પ્રકારના લોકો અલગ અલગ જાતિના લોકો તો કોની સ્થાપના કરતા હતા. આ સંપૂર્ણ દેવ નિર્મિત દ્રષ્ટિગોચર થાય છે સ્તૂપના તોરણદ્વાર પર પહોંચવા માટે અષ્ટસો પણ છે બંને તરફ ગવાક્ષમાં ક્ષેત્રપાલ અને કુબેરાદેવીની સ્થાપના કરવામાં આવી છે દ્વાર પર તોરણદ્વાર, સૌથી ઉપર દેખાય છે. બંને બાજુએ સ્તંભ તેની ઉપર અનુક્રમે ધર્મચક્ર સ્તૂપની બંને તરફ શાલભજીકા જોવા મળે છે. ઈસવીસનની પ્રથમ છે શતાબ્દીનો આ આયગ પટ છે આપણે જોઈએ તો તે સમયમાં શિલ્પ નિર્માણ કરનાર કોણ હતા? તો લુહાર ની વહુ, કાફલાના નેતાની શ્રાવિકા,રંગરેજ ની શ્રાવિકા અત્તર બનાવનારી,  સાહુકાર ગામના વડા ની પત્ની ખજાનચીની પુત્રી સોની નો દીકરો કપાસના વેપારીની પત્ની નૃત્યાંગના ગણિકા આદિ શિલ્પ ના નિર્માણ કરતા હતા બધું જ શિલાલેખમાં અંકિત છે અલગ અલગ જાતિના લોકોએ બનાવ્યા છે બધા જૈન ધર્મનું પાલન કરતાં હતા અને ખૂબ જ સત્તા ધરાવતા હતા એનું આપણને વિસ્તૃત ઉલ્લેખ મળે છે કે તે સમયમાં કોણે કોણે શિલ્પ નિર્માણ કરાવ્યું હતું.

કુષાણકાળમાં આપણે જોઈએ તો કુષણકાળમાં સ્વતંત્ર પ્રતિમાઓ બનવાનું શરૂ થઈ ગયું હતું. અહીં આપણને 93  પ્રતિમાઓ પદ્માસન મુદ્રામાં પ્રાપ્ત થઈ છે અને 26 કાર્યોત્સર્ગ મુદ્રામાં અને કાર્યોત્સર્ગ મુદ્રાની પ્રતિમાના હાથ બહુ જ મજબૂત બાંધાના છે. બંને હાથની કોણીઓ બહાર તરફ નીકળેલી છે પ્રભુ પ્રતિમાના વક્ષ ઉપર શ્રી વત્સ અંકન પ્રારંભ થઈ ચૂક્યું હતું અને મુખ પર ધ્યાન અવસ્થાનો અપૂર્વ ઉલ્લાસ આપણને દેખાય છે. પરીકરમાં ઇન્દ્ર નિરૂપણ કરવામાં આવતું હતું પીથીકા પર બંને તરફથી અને મધ્યમાં ધર્મચક્રનું અંકગણ થતું હતું

હથેળી પર ધર્મચક્ર અને આંગળીઓના પર અષ્ટમંગલિકા પ્રતીકોનું શિલ્પા અંકન પ્રભુ પાર્શ્વનાથની ફણા ઉપર પણ આ પ્રતિકોના અંકનો જોવા મળે છે. પ્રતિમા મસ્તક પર અલગ અલગ પ્રકારની કેશકળા આપણને જોવા મળે છે. પહેલા આ એક પટની પૂજા પછી સ્તૂપની પૂજા અને પછી સ્વતંત્ર પ્રતિમાની પૂજા આપણને અહીં જોવા મળે છે. અહીં આપણે જોઈ શકીએ છીએ કે ભગવાનના કેસોને અલગ અલગ સ્ટાઈલ જોવા મળે છે તે સમયના કલાકારો પણ પોતાના અલગ અલગ વિચારથી ભગવાન કેવા દેખાતા હતા.એવી રીતે અલગ અલગ વિચારતી કેશકલા દેખાડવામાં આવી હતી. આપણને કાયોત્સર્ગ પ્રકારના પ્રતિમાઓ પણ પ્રાપ્ત થાય છે કાર્યોત્સર્ગ માં મળેલી પ્રતિમાઓ બધી જ નગ્ન છે. પણ અહીંના જેટલા પણ શિલાલેખ અભિલેખ છે અને જે ગુરુ ભગવંતો ના નામ લખેલા છે એ બધા જ શ્વેતાંબરીય છે કેમકે તેમના કુળ ગણ અને શાખાઓ ના નામ શ્વેતાંબર કલ્પસૂત્ર નંદીસૂત્ર આદિમાં પ્રાપ્ત થાય છે અને અહીંના શિલાલેખ ની અંદર બ્રાહ્મી લિપિનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને ત્યાંના સ્થાનનીય રાજાઓ ગણીશક ભવિષ્ક અને વાસુદેવ એ બધાના રાજ્યોની સંવત બતાવવામાં આવી છે અને જેના કારણે કે એક તરફ ગુરુ ભગવંતો ના કુલ ગણ અને શાખાઓ

ના નામ અને બીજી

બાજુ કે એ બધા સમયના રાજા અને એમના નામ દ્વારા આપણને ઇતિહાસની ઘણી બધી માહિતી પ્રાપ્ત થાય છે કે તે સમયના માં કયા રાજ્યનું રાજ્ય ચાલતું હતું. તો એ રીતે એ ઇતિહાસ તો અમૂલ્ય દસ્તાવેજ છે. અહીં પરમાત્મા ની આંખો સંપૂર્ણપણે ખુલ્લી છે એમના મુખ ઉપર એક હાસ્ય છે અને ભગવાનના વાળ કેવી રીતે સુંદર દર્શાવવામાં આવ્યા છે કે ભગવાનના માથામાં વાળ ખભા પર આવી રહ્યા છે અને વાળ પાછળ કરેલા છે અલગ અલગ હેર સ્ટાઇલ પરમાત્માની જોવા મળે છે. એ  સમયના કલાકારોની અલગ અલગ વિચારધારા આપણને અહીં જોવા મળે છે.

એ  સમયમાં સર્વતો ભદ્ર એટલે કે ચતુર્મુખી પ્રતિમા નો પ્રારંભ થયો હતો એમાં બનાવવા માંડ્યા જેમાં નેમિનાથ ભગવાન હોય અને એક તરફ શ્રીકૃષ્ણ હોય એક તરફ બલરામ હોય

આ સમયમાં શ્રી ભગવાનની પ્રતિમા પણ જોવા મળે છે. આજે આપણે વૈદિક સંપ્રદાયમાં જોઈએ તો શ્રીકૃષ્ણની એટલી પ્રાચીન પ્રતિમા પ્રાપ્ત નહીં થાય પણ જૈન સંપ્રદાયમાં નેમિનાથ ભગવાન સાથે આપણને પ્રાપ્ત થઈ શકે છે પાશ્વનાથ ભગવાનની પ્રતિમા પણ પણ આપણને પ્રાપ્ત થાય છે. આકાશગામિની વિદ્યા ધરાવતા મુનિઓનું પણ નિરૂપણ પ્રારંભ થઈ ગયું એ બધી શિલ્પ કલાઓની વાત અહીં છે. પછી એ સમયમાં વિશ્વના સૌથી પ્રાચીન સરસ્વતી દેવીની પ્રતિમા પ્રાપ્ત થાય છે અને હરણ ગમીશી દેવ દ્વારા પ્રભુ મહાવીર ના ગર્ભ હરણનું જે કથા હતી એનું પણ શિલ્પ આપણને પ્રાપ્ત થાય છે.

શ્રી વત્સની પરંપરા પહેલા નહોતી પરમાત્માની પ્રતિમા જે બનતી હતી આયગ પટ્ટમાં જ બનતી હતી જે સ્વતંત્ર પણે પ્રતિમાઓ બનતી હતી તેમાં શ્રી વત્સવ અંકન થતું ન હતું. ભગવાનનું વક્ષ સ્થળ હતું એમાં અંકન કરવામાં આવતું ન હતું પણ આ કુશળકાળની અંદરમાં શ્રી વત્સનું સ્પષ્ટ પણે અંકન કરવાનું કામ થઈ રહ્યું હતું અને અહીં જે પ્રતિમાઓ મળી છે એમાં 19 પ્રકારની અલગ અલગ પ્રકારની ડિઝાઈન બતાવવામાં આવી છે. તો 19 પ્રકારના અલગ અલગ ડિઝાઇન વાળા શ્રીવત્સ આપણને કંકાલિટી મળે છે શ્રી વત્સ છે શું? તો કે પરમાત્માના છાતીના શોભા યુક્ત જે બનાવે છે, જે એશ્વર્ય આદિનું પ્રતિક છે તેને શ્રીવત્સ કહેવામાં આવે છે શ્રી એટલે લક્ષ્મી વત્સ એટલે વક્ષસ્થળ છાતીના જે વાળ છે રોમ રોવાટા છે જે દક્ષિણ દિવસ દિશામાં ખાસ કરીને ફરતા હતા ખાસ પ્રકારનો જે વળાંક હતો એને દર્શાવતું જે પ્રતીક છે એને શ્રીવત્સ કહેવામાં આવે છે. એ અષ્ટમંગલ નું એક ભાગ છે એટલે આના દ્વારા એ સૂચન કરવામાં આવ્યું છે કે શાસ્ત્રકાર ભગવાન તોએ કે પરમાત્મા ના અંદરમાં જે પરમજ્ઞાન રહેલું છે તે શ્રી વત્સ સ્વરૂપે બહાર આવે છે, પ્રગટ થાય છે. ઔપપાતિક સૂત્ર રાય પશેણી સૂત્ર, આદિ આગમોમાં પણ શ્રી વત્સનો ઉલ્લેખ મળે છે અને કુષાણ કાલથી પ્રતિમા ઉપર શ્રી વત્સ અંકનની પ્રથા શરૂ થઈ પર્વત આગળ કહ્યું એમ સર્વતો ભદ્ર પ્રતિમાનું શરૂઆત થઈ ચો તરફ પ્રતિમા હોય એવું અંકન પ્રાપ્ત થયું, પ્રારંભ થયું. પુરાણ સમયમાં ઘણી સર્વતોભદ્ર પ્રતિમાઓ આપણને પ્રાપ્ત થાય છે. દરેક સર્વતો ભદ્ર પ્રતિમા માં પાશ્વ્નાથ ભગવાનની મૂર્તિ આપણને પ્રાપ્ત થાય છે. આજે આ બધા મથુરા સ્ટેટ મ્યુઝિયમ અને લખનઉ

સ્ટેટસ મ્યુઝિયમમાં સંગ્રહિત કરીને રાખવામાં આવેલ છે. સપ્ત ફણાયુક્ત એટલે કે સર્પના ફણાયુક્ત પાશ્વનાથ ભગવાનની ઘણી બધી પ્રતિમાઓ આપણને પ્રાપ્ત થાય છે. અલગ અલગ પ્રકારની કુશાળકાલીન પ્રતિમાઓ આ પણ આપણને મળે છે. આ પ્રતિમાઓ જોઈને આપણને ખ્યાલ આવે છે કે એની ફિનિશિંગ એટલી સરસ નહોતી પણ કલાકારો ના ભાવ ખૂબ જ સુંદર હતા કલાકારો પરમાત્માની આકૃતિ ખૂબ જ સરસ બનાવતા હતા પણ આજની અને ખાસ કરીને ગુપ્તકાલીન ની ફિનિશ આપણે જે જોઈ રહ્યા છીએ એ ફિનિશ એ સમયમાં નહોતી. થોડું રૂઢિમેન્ટ્રી આર્ટ હતું થોડી ગાંધારવિ શૈલી હકવાની  શૈલી એ સમયમાં જોવા મળતી હતી તો આ શૈલીની પ્રતિમાઓ આપણને કુષાણ કાલમાં જોવા મળે છે. એક પ્રતિમાનું નિર્માણ શ્રાવિકા એ કરાવ્યું એણે માસ ક્ષમણની આરાધના કરી હતી, ત્રીસ દિવસનો ઉપવાસ કરીને આ પ્રતિમા બનાવી હતી. એનો પણ પભાષણમાં ઉલ્લેખ મળે છે.

આપણને ઘણી બધી પ્રતિમાઓના અવશેશ માત્ર  મુખના અવશેષ પ્રાપ્ત થયા છે. માત્ર ઘણા બધા ખંડિત ભાગ સાથે પ્રભુના મસ્તકો ને અવશેષ આપણને પ્રાપ્ત થયા છે બધાના મુખ ઉપર એક અનેરુ હાસ્ય દેખાડવામાં આવ્યું છે પરમાત્મા ખૂબ જ આનંદમાં છે ધ્યાન નું આનંદ છે પરમાત્માને તેનું અહીં નિરૂપણ કરવામાં આવ્યું છે ભવ્ય તોરણદ્વાર પણ પ્રાપ્ત થયા છે ધોરણ 12 ને આપણે જોઈએ તો ઉપરમાં સ્તૂપ નાનકડું અંકન કરવામાં આવ્યું છે બંને તરફ સાધુ સાધ્વીઓ શ્રાવક શ્રાવીકાઓના સંઘનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે વચ્ચે અરિહંત પરમાત્માનો પટ્ટ છે. નીચે કુબેરા દેવી નું દ્રશ્ય દેખાડવામાં આવ્યું છે તો ભવ્ય કુશાણકાલીન તોરણ દ્વારા બતાવવામાં આવ્યું છ. હવે શિલ્પમાં સાથે સાથે એ પણ જોઈએ છીએ કે માત્ર તીર્થંકર પરમાત્માઓની નહીં પણ શ્રમણ શ્રમણી ભગવાનની પણ પ્રતિમાઓ અહીંથી પ્રાપ્ત થતી હતી આપણે પહેલા પણ એક આયગ પટમાં જોયું વચ્ચે પશ્વનાથ ભગવાન હતા અને બંને બાજુ ચોલપટ ધારી સાધુઓ હતા. ભગવાનની પાદપીઠમાં આ અંકન કરવામાં આવ્યું છે. ભગવાનની પ્રતિમા હોય અને નીચે પાદપીઠમાં આ સાધુ સાધ્વીજીઓનું અંકન કરવામાં આવતું હતું.  નગ્નતા અને ઢાંકવા માટે અને હાથ મા રજોહરણનું સ્પષ્ટ ઉલ્લેખ આપણને અહીં દેખાડમાં આવે છે. આ સેકન્ડ સેન્ચ્યુરી બીસી નું કલ્પ છે. એટલું પ્રાચીન કે તે સમયમાં

શ્રમણ ભગવાન તો વસ્ત્ર રાખતા હતા કેવા વસ્ત્રો ધારણ કરતા હતા તેનું અહીંથી આપણને પ્રમાણ પ્રાપ્ત થાય છે. તે સમસ્ત ગુરુ ભગવન્તોના વંશાવલીના ક્રમ થી પહેલા તેમના નામ તેમના કુલ ગણ અને શાખાઓ ના નામ એ શિલાલેખોમાં લખવામાં આવતા હતા. જે આજના દિવસે પણ કલ્પસૂત્ર, નંદીસૂત્રમાં ચિત્ર સાથે મેચ થાય છે. સ્થવીરાવલી માં જે જે કુલ ગણ શાખાઓ નામ સાથે આ મેચ થાય છે. અહીં ત્રીજી શતાબ્દી નું શિલ્પ છે ગુરુ ભગવંતોનું શિલ્પ છે એમના એક હાથમાં રજોહરણ છે. એક હાથમાં નગ્નતા ને ઢાંકવા માટે ચોલપટ છે ઉપર માં ચાર પરમાત્મા છે પાર્શ્વાર્નાથ ભગવાન છે બીજા ત્રણ કયા છે આપણને ખબર નથી પડતી. એમના ફેણ દ્વારા આપણને ખબર પડે છે કે આ પાર્શ્વનાથ ભગવાન છે અને વચ્ચે સ્તૂપ છે એટલે એ સમયમાં પણ સ્તૂપનું ઘણું મહત્વ હતું.  નીચે જોઈએ તો આઈકાના અને વિદ્યાદેવી નું શિલ્પ અંકન કરવામાં આવ્યું છે. કયા કયા કુલ અને ગણના શાખાઓના નામ પ્રાપ્ત થાય છે આપણે જાણીએ છીએ કે એક ગોદાસ ગણ હતું ગોદાસ ગણનું નામ પડ્યું કારણકે એ આચાર્ય ભદ્રબાહના શિષ્ય હતા ગોદાસ સ્વામી જેના નામથી આ ગણ નું નામ પડ્યું .ગોદાસજીના શિષ્ય એમણે અલગ અલગ ગણની સ્થાપના કરી એમાં કોટિકગણ, વારણગણ અને ઉદયગણ. આમ અલગ અલગ ગણ હતા જેના શિલાલેખ અહીંથી પ્રાપ્ત થયા છે.અને આ ઉપરથી આપણે જાણી શકીએ છીએ કે એ સમયમાં કયા કયા કુલ ગુણ અને શાખાઓ હતા અને તેઓના ગુરુ ભગવંતો દ્વારા પ્રતિમાઓની સ્થાપના કરવામાં આવી હતી.

ઈસવીસન 157 નો જે દેવ નિર્મિત સ્તૂપનો અભિલેખ હતો તેમાં પણ એક ગુરુ ભગવંતનું અંકન કરવામાં આવ્યું છે. એમના હાથમાં ચોલપટ ધારી શ્રમણ છે. બીજું એક શિલ્પ પ્રાપ્ત થયું છે. પ્રથમ સદીમાં એમાં ઉપર ભગવાનની ખંડિત પ્રતિમા છે એનું પભાસણ છે. એ ઇમ્પેક્ટ છે.એમાં વચ્ચોવચ ધર્મચક્ર બનાવેલું છે એની જમણી કોર એક સાધુ ભગવાન છે એમના એક હાથમાં એક પાત્રની ઝોલી છે. ગોચરી માટે તેનો ઉપયોગ કરતા હતા. આજના દિવસે પણ આપણે જોઈ શકીએ છીએ કે સાધુ ભગવંત તે લઈને વિહાર કરતા હોય છે ગોચરી વહોરવા માટે. આ બીજી તરફ એક શ્રાવિક અને દેખાડવામાં આવી છે જે ગોચરી અર્પણ કરવા માટે જઈ રહી છે. તો તે સમયે ના સાધુઓના કેવા આચારો હતા, તેનો પણ અહીં શિલ્પમાં બહુ

સરસ રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બીજા અલગ-અલગ પભાષણ માં આપણે જોઈએ તો આકાશગામિની વિદ્યા જે જાણતા હતા એ મુનિ ભગવાનનું શિલ્પ છે. અહીં વિદ્યાધરો ઉડી રહ્યા છે અને તેમની ઉપર અને આકાશગામી ની વિદ્યાના જાણકાર મુની ભગવંત પણ ઉડી રહ્યા છે એમના હાથમાં પણ એક ચોલપટ છે. બીજું શિલ્પની બીજી શતાબ્દીનું છે એમાં ત્રણ મુનિ ભગવંતો છે તનને ઢાંકવા માટે એક ચોલ પટ નો ઉપયોગ કરે છે પણ જે ચોથું ચિત્ર છે તેમાં ભગવાન સંપૂર્ણપણે વસ્ત્ર ધારી છે એટલે તે સમયમાં એક વસ્ત્ર ધારી શ્રમણો પણ હતા અને વસ્ત્રધારી શ્રમણો પણ આપણને મળે છે. આપણે આચારાંગ આદિ સૂત્રમાં અગર આપણે જોઈએ તો અલગ અલગ પ્રકારના શ્રમણોની આપણને વાત કરવામાં આવી છે જે સંપૂર્ણપણે નગ્ન રહેતા હતા. જે જીનકલ્પી, એક વસ્ત્ર ધારી બે વસ્ત્ર ધારી ત્રણ વસ્ત્ર ધારી તો એ સમયના આચારંગ સૂત્રને  પુરાતત્વિક દ્રષ્ટિએ પ્રુફ કરી શકતું હોય તો શિલ્પ છે. બીજી તરફ  અને સાધુઓ બંને દેખાડવામાં આવ્યા છે તો આ પણ એક ખૂબ જ ઈમ્પોર્ટન્ટ શિલ્પ છે,

એક મહત્વનું શિલ્પ એક પ્રાપ્ત થયું છે. 16 અલગ અલગ પ્રતિમા નું એ છે એ છે હરિણી ગમીશી દેવ. આ શિલ્પ ખૂબ જ મહત્વનું છે કેમકે કે આ શિલ્પમાં પ્રભુ મહાવીર સ્વામીના ગર્ભના હરણનું દ્રશ્ય દેખાડવામાં આવ્યું છે કે દેવાનંદા માતાની કુક્ષીમાંથી હરિણગમીશી દેવ પ્રભુને લઈ જાય છે તે આ સંપૂર્ણપણે શિલ્પમાં દેખાડવામાં આવ્યું છે. માત્ર ને માત્ર શ્વેતાંબર પરંપરામાં આ કથા ને માન્યતા આપવામાં આવી છે. આ  પ્રથમ શતાબ્દી નું છે આ ખૂબ જ પ્રાચીન કહી શકાય એવું શિલ્પ છે. શ્વેતાંબર પરંપરા નું આ શિલ્પ છે.

વિશ્વની સર્વાધિક પ્રાચીન સરસ્વતી દેવીનું શિલ્પ આપણને મથુરાથી પ્રાપ્ત થયું છે.વૈદિક સંસ્કૃતિમાં નહીં પણ જૈન પરંપરામાં પણ આ સરસ્વતી દેવીનું ખૂબ જ પ્રાચીન શિલ્પ આપણને પ્રાપ્ત થયું છે ઈસવીસન 84 માં સ્થાપિત છે અને તેનું મસ્તક ખંડિત છે પણ એના પભાસણમાં સ્પષ્ટ પણે સરસ્વતી દેવીનું ઉલ્લેખ છે અને તેના એક હાથમાં જિનવાણી સુત્ર છે સિંહના પુત્ર સોની ગોવા દ્વારા આ નિયમિત થયેલું છે કોટીય,વાગ અને વેરી શાખાના આચાર્ય માર્ગદેવના પ્રેરણાથી આ શિલ્પ નિર્મિત થયું હતું નહીં પણ જૈન સંસ્કૃતિમાં સૌથી પ્રાચીન આ શિલ્પો છે

*******************************************************************

JAIN SAHITYA ACADEMY TRUST